

# ભીમનો કાયદો, બિરસાનુ તીર
# સાથે મળીને બદલીએ તાસીર



# હું કોણ ?

# હું - ગ્રામસભા

## ગામમાં હું હું, ને હું જ, મારા સિવાય કંઈ નહી,

## હું જ ગામની રાજા અને
## હું જ ગામની પ્રજા
## જે નહી કરે ચર્ચા
## એની બગડી મજા

ગામનો વિકાસ કરનાર ............................... હું ગ્રામસભા
રોજગારી ખાતરી ધારા હેઠળ દેખરેખ રાખનાર ........ હું ગ્રામસભા
જંગલ-જમીન ઉપરના દાવાની નોંધણી કરનાર ........ હું ગ્રામસભા
ગામલોકોના અધિકાર આપનાર ....................... હું ગ્રામસભા

## આવુ તો ઘણું બધું હું જ કરું મારા સિવાય કોઈના કરે,

● ઈન્દિરા આવાસના ઘરોની મંજૂરી ● બીપીએલની યાદીની મંજૂરી ● પંચાયતનાં બઝેટની મંજૂરી ● જંગલ-જમીનના ઠરાવની મંજૂરી ● રોજગારી ખાતરીધારાના કામોની મંજૂરી ● ગામના બધા જ વિકાસના કામો, તેના બજેટ અને ખર્ચની મંજુરી

### મારા મિત્ર

- જે ગ્રામસભામાં હાજર રહે
- જે ગ્રામસભા ચર્ચા કરે
- જે નિર્ણયમાં ભાગીદાર બને
- જે વાંચી સમજીને ઠરાવમાં સહી કરે

દિલ્લીમાં ભલે સંસદસભા, ગાંધીનગરમાં ભલે વિધાનસભા, પણ ગામમાં તો હું જ **ગ્રામસભા**

### મારા દુશ્મન

- મારી સભામાં હાજર ન રહે
- મારી સભામાં આવ્યા વગર કે વાંચ્યા-સમજ્યા વગર સહી કરે

૭-આગળ

## કાયદાકીય જોગવાઈ

- ગ્રામસભાની તારીખ, સમય, સ્થળ અને એજન્ડાની જાહેરાત ઓછામાં ઓછા ૭ દિવસ અગાઉ ગામના ચોરા ઉપર તથા અન્ય જાહેર જગ્યાએ લેખિતમાં મૂકવાની જવાબદારી પંચાયતની છે.
- પંચાયતના સભ્યોને ગ્રામસભાના તારીખ, સમય, સ્થળ અને એજન્ડાની જાણ લેખિતમાં ૭ દિવસ અગાઉ કરવાની તથા જાણ કર્યા મુજબની સહી લેવાની જવાબદારી તલાટીની હોય છે. જેથી સભ્યો પોતાના વોર્ડના ગ્રામજનોને તેની જાણ કરી શકે તથા વોર્ડના પ્રશ્નોને અનુરૂપ એજન્ડા ગ્રામસભામાં અગાઉથી મૂકાવી શકે.
- ગ્રામસભાના એજન્ડામાં ગ્રામજનો પોતાના પ્રશ્નો / સમસ્યાઓને દાખલ કરાવી શકે છે, આ માટે તેઓ પોતે અથવા પોતાના વોર્ડના સભ્ય દ્વારા લેખિત અરજી ગ્રામસભાના ૨ દિવસ અગાઉ પંચાયતને કરી શકે છે.
- ગ્રામસભાના દિવસે દરેક ગ્રામજનોએ પોતાના વિસ્તારના પ્રશ્નોની રજૂઆત અને ગ્રામવિકાસની ચર્ચા તથા નિર્ણય માટે સમયસર ગ્રામસભામાં હાજરી આપવી અત્યંત જરૂરી છે.
- ગ્રામસભામાં ઓછામાં ઓછા ૫૦ મતદારો હાજર હોય તો જ ગ્રામસભાની કાર્યવાહી આગળ ચલાવી શકાય.
- ગ્રામસભાની શરૂઆતમાં બધા જ એજન્ડાઓનું વાંચન કરવામાં આવવું જોઈએ. ત્યારબાદ તેમાં કોઈ એજન્ડા રદ કરવા કે નવા ઉમેરવા વિશે ચર્ચા થવી જોઈએ.
- દરેક એજન્ડા ઉપર એક પછી એક ચર્ચા થવી જોઈએ, નિર્ણય લેવાવો જોઈએ. દરેક મતદારે ચર્ચામાં સામેલ થવું જોઈએ અને નિર્ણય વખતે એજન્ડાની તરફેણ કે વિરોધમાં મત આપવો જોઈએ.
- ગ્રામસભામાં બધા જ એજન્ડાઓ ઉપર ચર્ચા કરી, નિર્ણય થાય તે નિર્ણય ઠરાવ બુકમાં લખાય, (જે પ્રમાણે ગ્રાસભામાં નિર્ણય લેવાયો હોય) પછી જ ગ્રામસભામાં હાજર રહેલા સભ્યોની ઠરાવ બુકમાં સહી કરાવવી જોઈએ.

ગ્રામસભા
જ્યારે જ્યારે,
એક એક
પૈસાનો હીસાબ
ત્યારે ત્યારે.

**ગ્રામસભામાં ચર્ચા થશે વિકાસની**
**સર્વસંમતિથી થશે સૌ કામો નક્કી**




**સમજી લેજો સૌ ગ્રામજનો અહીં**
**પછી જ થશે અંગુઠો કે સહી**



**બી.પી.એલ.માં**
**તું કે હું,**
**નક્કી કરીશું**
**આપણે સહું.**

## જોગવાઈના ભંગ સામેનાં પગલાં

- જો ગ્રામસભાની જાણ ગ્રામજનો કે પંચાયત સભ્યોને નિયમ પ્રમાણે કરવામાં ન આવે તો ગ્રામસભા વખત અથવા ગ્રામસભા ભરાઈ ગયા પછી પણ તેનો વિરોધ નોંધાવી, ફરી ગ્રામસભા ભરવાની અરજી-ફરિયાદ તાલુકા તથા જિલ્લા કક્ષાએ કરી શકાય.
- જો ગ્રામસભામાં એજન્ડા ઉમેરવાની અરજી લેવાની ના પાડવામાં આવે અથવા તો અરજી લીધા પછી કોઈ પણ કારણ આપ્યા સિવાય તે એજન્ડાને રદ કરવામાં આવે તો તાલુકા વિકાસ અધિકારી તથા જિલ્લા વિકાસ અધિકારીને ફરિયાદ કરી શકાય.
- કોઈ પણ વ્યક્તિ કે સમૂહને જે ગામની મતદાર છે, તેને ગ્રામસભામાં બેસવાની, બોલવાની કે નિર્ણય કરવાની ના પાડવામાં આવે તો તે વ્યક્તિ કે સમૂહ પોતાની ફરિયાદ ટીડીઓ તથા ડીડીઓને લેખિતમાં કરી શકે.
- જો ૫૦ કરતાં ઓછા મતદારો હાજર હોય છતાં પણ ગ્રામસભામાં કાર્યવાહી ચાલુ રહે તો તેનો વિરોધ કરવો જોઈએ, લેખિત રજૂઆત કરવી જોઈએ, નવી ગ્રામસભા લોકોના અનુકૂળ સમયે નક્કી કરવી જોઈએ.
- એજન્ડાઓનું વાંચન થયા વગર ગ્રામસભા પૂરી થઈ જાય અથવા કોઈ ગ્રામજનોને ચર્ચા કરતા કે નિર્ણયમાં ભાગીદાર બનતા અટકાવવામાં આવે અથવા માત્ર એજન્ડાઓનું વાંચન કરી ગ્રામસભા પૂરી કરવામાં આવે તો (૧) રજિસ્ટરમાં સહી કરવી જોઈએ નહીં (૨) ગ્રામસભાનો વિરોધ નોંધાવવો જોઈએ (૩) લેખિત ફરિયાદ ઉપરી અધિકારીને કરવી જોઈએ.
- જો ગ્રામસભાના શરૂ થતાં પહેલાં, શરૂઆતમાં કે ગ્રામસભામાં ચર્ચા ચાલતી હોય તે દરમિયાન સહી કરાવવામાં આવે તો, (૧) સહી કરવી જોઈએ નહીં (૨) તેનો સામુહિક વિરોધ કરવો જોઈએ. (૩) દબાણપૂર્વક સહી કરાવાય તો લેખિત ફરિયાદ આપવી જોઈએ (૪) ઘેર બેઠા ગ્રામસભાના ઠરાવ બુકમાં સહી કરવી જોઈએ નહી (૫) ગ્રામસભામાં લેવાયેલ નિર્ણય ઠરાવબુકમાં લખેલ હોય તો જ સહી કરવી જોઈએ.

સમજ્યા વગર મત આપવાનો,
વાંચ્યા વગર સહી કરવાનો કે નિર્ણય વખતે
ચૂપચાપ બેસી રહેવાનો આપણને અધિકાર છે?

તમારો જવાબ આ સરનામે મોકલી આપો

**વિકલ્પ**
ટી-૧, સુયોગ-૧, વેજલપુર બસ સ્ટેન્ડ પાસે,
વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૫૧
e-mail: vikalpahd@gmail.com
website : www.vikalp.org

વિકલ્પ VIKALP